ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૭ ટકા

# નવરાત્રીમાં નેઈલ આર્ટનું અનોખુ આકર્ષણ



ગાંધીનગર, તા. ૬

નેઈલ આર્ટ એક સુંદર અને બારીક કલા છે. એકદમ ચોકસાઈપૂર્ણ કામ કરવું પડે છે. જેના માટે ખાસ તાલિમ પણ લેવાની જરૂર પડે છે. પહેલાના સમયથી નખ રંગવાનો શોખ તો ચાલતો આવ્યો જ છે. પણ હવે તેમાં અવરનેસ આવતા નવા પ્રાયોગીક ધોરણો ઉમેરાતા નેઈલ આર્ટનું સ્વરૂપ આવ્યું છે. આ વર્ષે નવરાત્રીમાં મહિલા ખૈલેયાઓ રૂ.૩૦૦ થી માંડીને રૂ. ૬૦૦૦ નો ખર્ચ નેઈલ આર્ટ પાછળ કરશે.

ગાંધીનગર શહેરનું સૌ પ્રથમ કુડાસણના આંગણે ફલેશ નેઈલ આર્ટ આવેલું છે. જેના જીનલ વૈભવ પટેલના જણાવ્યા મુજબ આજે બહેનો પોતાના હાથ પ્રત્યે અને નખ પ્રત્યે વધુ સજાગ બનતા જાય છે. જેમાં નોર્મલ નેઈલ પોલીસ અઠવાડીયા સુધી રહેતી હોય છે તેમજ જેઈલ પોલીસ ૨૦ દિવસ જેટલો સમય રહેતી હોય છે. સાથે મેડીકયોર અને પેડીકયોરનું પણ એટલું જ મહત્વ છે. આજના પ્રવર્તમાન યુગમાં બહેનો હવે કોર્પોરેટ સેકટરમાં કામ કરતી થઈ છે તેવા સમયે હાથ અને નખની સુંદરતા તેમના વ્યકિતની અલગ છાપ ઉભી કરે છે. ત્યારે નવરાત્રીની વાત કરીએ તો નેઈલ આર્ટ દ્વારા ખાસ ચિત્ર બનાવવામાં આવે છે. જેમાં નખ (નેઈલ) પર ગરબા રમતી યુવતિનું ચિત્ર અને દાંડીયાનું ચિત્ર ખુબ પ્રચલિત બન્યું છે. સાથે ટુડી નેઈલ, ત્રીડી નેઈલ, ઈન્ફીલ નેઈલ, બ્રશ નેઈલ અને સ્ટીકર આર્ટનો ઉપયોગ કરવામાં આવે છે. પહેલાના સમયમાં શુભ પ્રસંગોએ મહેંદીનો ક્રેઝ હતો, તેની સાથે સાથે હવે આ નેઈલ આર્ટ દ્વારા વધુ સારી રીતે બહેનોના શૃગાંરમાં વધારો થયો છે. નવરાત્રીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બહેનોમાં નેઈલ આર્ટનું આકર્ષણ વધુ જોવા મળી રહ્યું છે. ખાસ કરીને જે કલરનો ટ્રેડીશનલ ડ્રેસ હોય તેને અનુરુપ નેઈલ આર્ટ કરવામાં આવે છે. જેમાં ગ્લીટર અને માઈલર ખુબ પ્રચલીત છે. આ વર્ષની નવરાત્રીમાં ગરબે ઘુમતી બહેનોના સુંદર હાથની આંગળીઓમાં પણ નેઈલ આર્ટની કલા જોવા મળશે.







## @ગાંધીનગર

● ઘ-૪ સર્કલ ખાતે પુસ્તક પરબ સવારે ૭.૩૦ થી ૯.૩૦ સુધી ઉદ્યોગ ભવન નજીક યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે ભાદ્રપદ માસની શિવરાત્રી નિમિત્તે શ્રી વૈજનાથ મંદિર સે-૨૧ ખાતે સાંજે ૫ કલાકે રૂદ્રાભિષેક યોજવામાં આવશે.

● સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દિલ્હીના ઉપક્રમે સંત નિરંકારી સત્સંગ ભવન ચ રોડ સે-૩૦ ખાતે સવારે ૮ થી ૧૨.૩૦ કલાક દરમિયાન રકતદાન શિબિર યોજાશે.

## હસ્તરેખાશાસ્ત્ર અને અંકશાસ્ત્ર અંગે વિનામુલ્યે માર્ગદર્શન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૬

વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દર શનિવારે વિના મુલ્યે માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ડો. હર્ષદ ચોકસી દ્વારા જન્મ કુંડળી, પ્રશ્ન કુંડળી, હસ્તરેખા શાસ્ત્ર, અંક શાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, પેન્ડુલમ, ટેરોટકાર્ડ, ઓરા સ્કેનરનું સાંજે ૩ થી ૬ કલાક દરમિયાન માર્ગદર્શન આપવામાં આવશે. જે ઈચ્છુકોને આ કેમ્પનો લાભ લેવો હોય ડો. હર્ષદ મો.૯૯૨૫૯ ૦૩૨૭૯ પર પ્લોટ નં.૬૦૩ સેકટર-૧૩ એ ખાતે સંપર્ક કરવો.

## નિસર્ગ દ્વારા જિલ્લાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ ૨૦૧૮-૧૯ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૬

ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તકના નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધાનું આયોજન સમગ્ર દેશમાં કરવામાં આવે છે. જિલ્લામાં આ સ્પર્ધાનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે બાલવિજ્ઞાન પરિષદ સપર્ધાનું આયોજન તા. ૯-૧૦-૨૦૧૮ મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ સે-૨૩ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે હેમંતભાઈ સુથાર-નિવૃત્ત સહાયક વનસંરક્ષકશ્રી-વન વિભાગ, નરેશભાઈ ઠાકર-પૂર્વ પીઆરઓ જીપીસીબી ગાંધીનગર, ચંદુભાઈ પટેલ-વિજ્ઞાન શિક્ષકશ્રી વસંતભાઈ પટેલ-રિસર્ચર અને ડૉ. અનિલભાઈ પટેલ-મેનેજીંગ ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર ઉપસ્થિત રહેશે.

આ વર્ષની સ્પર્ધાનો વિષય ‘સ્વચ્છ હરિયાળા અને સ્વસ્થ રાષ્ટ્ર’ માટે વિજ્ઞાન ટેકનોલોજી અને નવિનીકરણ રાખવામાં આવ્યો છે. તેના પાંચ જેટલા પેટા વિષયોમાં (૧) ઈકોસીસ્ટમ અને ઈકોસીસ્ટમ સેવા, (૨) આરોગ્ય, સ્વાસ્થ્ય શાસ્ત્ર અનો સ્વચ્છતા (૩) કચરામાંથી કંચન-વેસ્ટ ટુ વેલ્થ, (૪) સમાજ, સંસ્કૃતિ અનો આજીવિકા તથા (૫) પરંપરાગત જ્ઞાન પ્રણાલી રાખવામાં આવ્યા છે.

આ સ્પર્ધામાં ૧૦ થી ૧૪ વર્ષ સુધીની વયની ઉંમરના વિદ્યાર્થીઓ જુનિયર વિભાગમાં અને ૧૪ થી ૧૭ વર્ષ સુધીની ઉંમરના વિદ્યાર્થીઓ સિનીયર વિભાગમાં ભાગ લઈ શકશે.

## ગાંધીનગર શહેર માટે ૧૧૭ હોમગાર્ડઝની જાહેર ભરતી યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર હોમગાર્ડઝ યુનિટ દ્વારા ગાંધીનગર શહેરમાં સેક્ટર-૭, સેક્ટર-૨૧ તેમજ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનની હદમાં રહેતા ૧૮ થી ૫૦ વયના પુરૂષ અને મહિલાઓ માટે હોમગાર્ડઝમાં જાહેર ભરતી કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ૯૦ પુરુષ તથા ૨૭ મહિલા એમ કુલ ૧૧૭ની ભરતી કરવામાં આવશે.

હોમગાર્ડઝ દળમાં માનદ્ સેવા આપવા ઈચ્છતાં ધોરણ-૭ પાસ ઉમેદવારોએ ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ કચેરી, બ્લોક નં.૬, ભોંયતળીયે, જુના સચિવાલય, ગાંધીનગર ખાતેના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ શારિરીક, શૈક્ષણિક સહિતની લાયકાત તેમજ નિયત નમુના મુજબનું ફોર્મ ભરીને તા. ૨૦ ઓક્ટોબર-૨૦૧૮ સાંજે ૫-૦૦ વાગ્યા સુધીમાં આજ કચેરીમાં જમા કરવાનું રહેશે.

આ ઉપરાંત ઉમેદવારો માટે ભરતી અંગેની તારીખ, સ્થળની વિગતો આગામી તા. ૨૫ ઓક્ટોબર-૨૦૧૮ બાદ બ્લોક નં-૬, જુના સચિવાલય તેમજ ગાંધીનગર શહેર હોમગાર્ડઝ યુનિટ કચેરી, બ્લોક નં.૩૬/૧, છ-ટાઈપ, સેકટર-૧૭ ખાતે આવેલી કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે, તેમ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## નારાયણી કોર્પોરેટ ઓલમ્પીયાડ-૨૦૧૮નો શુભારંભ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર પાસેના ભાટ સ્થિત નારાયણી હાઈટસ ખાતે આજથી કોર્પોરેટ ઓલમ્પીયાડ ૨૦૧૮ ખેલ પ્રતિયોગિતાનો પ્રારંભ થયો છે. કોર્પોરેટ ઓલમ્પીયાડ એ ગુજરાતમાં નવતર પ્રયોગ છે જેમાં મહિલાઓને પણ તેમના કૌશલ્યને પ્રદર્શિત કરવાનો એક અવસર મળે છે. આ ખેલ પ્રતિયોગિતામાં ઈન્ડોર અને આઉટડોર રમતોનું આયોજન કરાયું છે. જેમાં ક્રિકેટ, ફુટબોલ, વોલીબોલ, થ્રો બોલ, ટેબલ ટેનિસ વગેરે જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કોર્પોરેટ ઓલમ્પીયાડમાં અદાણી, એપોલો, ટીસીએસ, જીએસપીએન, સાયબેજ, વોડાફોન તેમજ અન્ય કંપનીઓના પુરુષ તેમજ મહિલા ખેલાડીઓએ ભારે ઉત્સાહથી ભાગ લીધો હતો.

## ગુજરાત યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલમાં ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓનો દબદબો



ગાંધીનગર, તા.૬

તાજેતરમાં યોજાયેલ ગુજરાત યુનિવર્સિટી આંતર વિભાગીય યુથ ફેસ્ટીવલ સ્પર્ધાઓમાં ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓએ સ્કીટ સ્પર્ધામાં સમ્રગ યુનિવર્સિટીમાં પ્રથમ તથા માઈમ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. આ વર્ષે “રેડિયો” વિષય ઉપરની સ્કીટનુ પરફોર્મન્સ સૌએ ખૂબ વખાણ્યું તેમજ ઝીરો ફીગર પરની માઈમ પણ આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. આ બંને નાટ્ય કૃતિઓનું લેખન તથા દિગ્દર્શન ડૉ. પ્રણવ જોષીપુરા કર્યુ હતું. અત્રે ઉલ્લખેનીય છે કે ગુજરાત યુનિવર્સિટીનો યુવક મહોત્સવ ત્રણ વિભાગોમાં વહેંચાયેલો છે. દરેક વિભાગોમાં ચાલીસ જેટલી કોલેજોનો સમાવેશ થાય છે. એટલે આવી સ્પર્ધાઓમાં વિજેતા થવું સ્વાભાવિક રીતે જ કોલેજ માટે આનંદ તથા ગૌરવની બાબત બને. વિદ્યાર્થિનીઓની આવી જવલંત સિધ્ધી બદલ કોલેજના આચાર્ય ડૉ. અમૃતાબેન પટેલ, યુથ ફેસ્ટીવલ ઈનચાર્જ પ્રા. પાયલબેન પંડ્યા અને કમિટી મેમ્બર ડૉ. કીર્તિકમલ વાઘેલા તથા સમ્રગ કોલેજ પરિવાર તરફથી યુથ ફેસ્ટીવલની સ્પર્ધાઓમાં ઉજ્જવળ પરંપરા જાળવવા બદલ વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## નવરાત્રીમાં નવાર્ણ મંત્રલેખન દ્વારા ‘મા જગદંબા’ની આરાધના

ગાંધીનગર, તા.૬

નવરાત્રીમાં ગામ-શહેરમાં આયોજિત ગરબીમાં માને આમંત્રણ પાઠવવામા આવે છે. ચાર નવરાત્રિમાં આસો માસની નવરાત્રિનું આગવું સ્થાન છે.

શ્રી જય અંબે પરવાર ગાંધીનગર દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે દર વર્ષે સવાર કરોડ નવાર્ણ મંત્ર લેખનની પ્રવૃત્તિ ગુપ્તદાતાઓના સહયોગથી કરવામાં આવે છે. મા ચામુંડા (જગદંબા)ને હું નમન કરું છું, પુજન કરું છું તેવા હૃદયના શુધ્ધ ભાવથી મંત્રલેખન કરવાથી અવશ્ય ફળ મળે છે. નવરાત્રિમાં મંત્ર લેખન કરવાનો મહિમા વિશેષ છે. નર્વાણમંત્ર મંત્રલેખન બુક-લાલપેનનું વિતરણ વિના મૂલ્યે કરવામાં આવે છે.

નવાર્ણ મંત્ર લેખન દ્વારા માની આરાધના કરવા માંગતા ભાવિકોએ લલિતભાઈ એસ. પટેલ પ્લોટ નં. ૯૭૬/૧, સે-૧૩-બી, વિષ્ણુભાઈ જે. પટેલ પ્લોટ નં. ૫૬૨/૨, સે-૨૨, અશોકભાઈ એચ. મિસ્ત્રી પ્લોટ નં. ૨૯૦ એસ/૨, સે-૨૦, ચંદ્રેશભાઈ વી. ગાંધી પ્લોટ નં. ૯૩૮/૧ સે-૭-સી, સતિષભાઈ ટી. પટેલ પ્લોટ નં. ૮૫૦/૨ સે-૪-સી, અશોકભાઈ એ. પટેલ પ્લોટ નં. ૩૬૮/૨, કિસાનનગર, સે-૨૬, સુરેશભાઈ એન. પારેખ પ્લોટ નં. ૩૩૨/૨, સે-૨-બી કોઈ પણ કેન્દ્ર પરથી મંત્રલેખન બુક તથા પેન મેળવી શકશે અને મંત્રલેખન કરી સમયમર્યાદામાં પરત જમા કરાવવા શ્રી જય અંબે પરિવારના મહામંત્રી વિષ્ણુભાઈ જે. પટેલે જણાવ્યું છે.



## એસ. કે. પટેલ સ્કૂલમાં કાર્ટૂન ડે ઉજવાયો

ગાંધીનગર, તા.૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ કે. જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં કાર્ટૂન ડે ઉજવાયો હતો. જેમાં બાળકો ટોમ એન્ડ જૈરી, ડોરીમોન, છોટાભીમ, મોટુ-પતલું વગેરે જેવા વસ્ત્રો પહેરીને આવ્યા હતા. વાલીઓએ બાળકોને સ્ટિકર, ચાર્ટ પેપર, માસ્ક જેવી વસ્તુઓ સાથે આપીને ઉત્સાહથી પોતાનો સહયોગ આપ્યો હતો. શિક્ષિકાઓએ બાળકોને કાર્ટૂન વિષેની જાણકારી તથા સ્ટોરી સંભળાવી હતી. શિક્ષિકાઓ તેમજ બાળકોએ આ ડે ખુબ જ ઉત્સાહથી ઉજવ્યો હતો.

## ખેલ મહાકુંભમાં ચેસ સ્પર્ધામાં વિજેતા

ગાંધીનગર, તા.૬

ખેલ મહાકુંભની ચેસ સ્પર્ધામાં સિનિયર સિટીઝન વિભાગમાં દિલીપભાઈ ઐયર તથા ડૉ. નીતિનભાઈ જે. દવેએ પ્રથમ અને દ્વિતિય નંબર પ્રાપ્ત કરતા હવે તેઓ ગાંધીનગર મ્યુનિસિપાલીટી તરફથી ઓપન ગુજરાત મહાકુંભ ચેસ સ્પર્ધામાં ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરશે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર જાગૃતિ નાગરિક પરિષદની દરેક મહિનાની પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને તા. ૮મી ઓકટોબરે સોમવારે સાંજના પાંચ કલાકે સેકટર-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે તેમ મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

## એમ.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમની મુલાકાતે

ગાંધીનગર, તા.૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એસ.કે.પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીસ–MCA દ્વારા VAROLOGIC Technologies Pvt. Ltd., અમદાવાદમાં એમ.સી.એ. સેમેસ્ટર-૩ અને ૫ નાં વિદ્યાર્થીઓને ઔદ્યોગિક એકમની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.

એમ.સી.એ.નાં વિદ્યાર્થીઓને શરૂઆતથી જ IT ઈન્ડસ્ટ્રીઝની કાર્ય પદ્ધતિથી અને આજના જમાનામાં વપરાતી ટેકનોલોજીસ વિષે જાણકારી મળે તે હેતુથી આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર શ્રી સંજયભાઈ શાહે જણાવ્યું હતું કે VAROLOGIC કંપનીના MD શ્રી વિક્રમ લશ્કરી તથા સ્ટાફ મિત્રોએ અંગત રસ લઈ વિદ્યાર્થીઓને વિવિધ સેમિનાર દ્વારા ખુબજ ઉપયોગી માહિતી આપી હતી. આ એકમની મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને ફ્લોર વિઝીટ કરાવી હાલમાં ચાલતા આઈ-ટી પ્રોજેક્ટ વિષે પણ માહિતી આપવામાં આવી હતી જેમાં મુલાકાત આપનાર કંપનીમાં કર્મચારીની નિયુક્તિથી શરુ કરી કલાયન્ટ સાથેનો વ્યવહાર, પ્રોજેક્ટનાં સંચાલન અને તે માટે ઉપયોગી વિવિધ ટેકનોલોજીઝ જેવી કે JIRA, CONFLUENCE, DEVOPS, AWS વગેરે વિષે અત્યંત ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

આ ઈન્ડસ્ટ્રીયલ વીઝીટની સફળતા માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના computer science faculty Dean, ડૉ. એસ.એમ.શાહ ના માર્ગદર્શન હેઠળ MCAના સ્ટાફ મિત્રો દ્વારા ભારે જેહમત ઉઠાવવામાં આવી હતી.

## એસ.જી.એસ.વી. પ્રાયમરી સ્કૂલમાં ફોક ડાન્સ યોજાયો



ગાંધીનગર, તા.૬

એસ.જી. એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-૧થી ૪ ના બાળકો માટે ફોક ડાન્સની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત દેશના વિવિધ રાજયોના ફોક ડાન્સ બાળકોએ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## ચિરવિદાય

- સ્વ. રાવલ સંગીતાબેન પ્રવિણકુમાર, ઉ.વ. ૪૯
- સ્વ. પટેલ નિરવ જયેન્દ્રકુમાર, ઉ.વ. ૨૬